| | પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત. ચાલુ બાબત, વર્ષ ૨૦૨૪-૨૫, રૂ. ૧૦.૦૪ કરોડ |
|---|---|

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક : ACD/PAR/e-file/2/2023/5202/P1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ACD/PAO/e-file/2/2022/2467/P1, Dt: 29/04/2023

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ACD/PAO/e-file/2/2023/0686/P1, Dt: 03/07/2023

(૩) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ACD/PAO/e-file/2/2023/0833/P1, Dt: 09/06/2023

(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ACD/PAO/e-file/2/2023/0833/P1, Dt: 06/11/2023

(૫) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : DOAH/CIT/e-file/304/2023/3739/Livestock, Dt: 23/10/2023

(૬) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : DOAH/CIT/e-file/304/2023/3739/Livestock, Dt: 10/02/2024

આમુખ:-

વંચાણે લીધેલા આમુખ (૧) હેઠળના આ વિભાગના ઠરાવથી પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની વિવિધ ચાલુ બાબતને, વંચાણે લીધેલા આમુખ (૨) હેઠળના આ વિભાગના ઠરાવથી "રાજ્યવ્યાપી ખસીકરણની નવી યોજના" ને તથા વંચાણે લીધેલા આમુખ (૩) અને (૪) હેઠળના આ વિભાગના ઠરાવથી "રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની નવી યોજના" ને વર્ષ: ૨૦૨૩-૨૪માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા-(૫) હેઠળના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી વર્ષ: ૨૦૨૩-૨૪માં સદર ચાલુ બાબત માટે રૂ. ૧૦.૦૪ કરોડ (અંકે રૂપિયા દસ કરોડ ચાર લાખ પુરા)ની પ્રિ-બજેટ ચકાસણી દરખાસ્ત રજુ કરવામાં આવેલ. વર્ષ: ૨૦૨૪-૨૫ના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ. ૧૦.૦૪ કરોડ (અંકે રૂપિયા દસ કરોડ ચાર લાખ પુરા)ની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા-(૬) હેઠળના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી આ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાંકીય જોગવાઈ રૂ. ૧૦.૦૪ કરોડ (અંકે રૂપિયા દસ કરોડ ચાર લાખ પુરા)ની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. ઉક્ત દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

વિચારણાના અંતે **રૂ. ૧૦.૦૪ કરોડ** (અંકે રૂપિયા દસ કરોડ ચાર લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઈ

ધરાવતી આ ચાલુ બાબતને અદાજપત્રાય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઈઓ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો(૧ થી ૩)માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ:૨૦૨૪-૨૫માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | વિગતવાર સદર | જોગવાઈ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજયમાં રાજયકક્ષાનું પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડની સ્થાપના કરવા અંગેની યોજના અને રાજયના દરેક જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા મંડળીઓને (એસ.પી.સી.એ.) સહાય કરવાની યોજના | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૪.૭૯ |
| | | ૩૧૩૬-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર ફોર પે એન્ડ એલાઉન્સ | ૦.૯૨ |
| ૨ | રાજયમાં ગીર અને કાંકરેજ ગાય અને એમ્બ્રીયો ટ્રાન્સફર પ્રોગ્રામ યોજના-મહેકમ | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૦.૧૨ |
| | | ૩૧૩૬-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર ફોર પે એન્ડ એલાઉન્સ | ૦.૧૯ |
| ૩ | ગીર કાઉ સેન્ચ્યુરી ફાર્મની સ્થાપના મુ.ધરમપુર જિ.પોરબંદર ખાતેની યોજના અંતર્ગતની મહેકમની યોજના | ૩૧૩૬-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર ફોર પે એન્ડ એલાઉન્સ | ૦.૦૧ |
| ૪ | રાજયના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૧.૫ |
| ૫ | રાજયવ્યાપી ખસીકરણની યોજના | ૫૦૦૦ અન્યને સહાય | ૨.૫ |
| ૬ | રાજય કક્ષાની દૂધ ઉત્પાદન હરીફાઈ અભિયાનની યોજના | ૫૦૦૦ અન્યને સહાય | ૦.૦૧ |
| કુલ | | | ૧૦.૦૪ |

૨. પશુપાલન નિયામકશ્રીની કચેરીએ યોજનાના અમલીકરણમાં નીચેની શરતો ધ્યાને રાખવાની રહેશે.

(૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૩) આ યોજનાનો અમલ પશુપાલન નિયામકશ્રીની કચેરી મારફતે કરવાનો રહેશે.

(૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૫) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૭) નાણાંકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૮) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૯) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૫) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૭) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૮) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૨૦) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૨૧) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૨૨) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૨૩) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

(૨૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨૫) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૭)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૯)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૩૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણીનંબર: | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર: | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર: | ૨૪૦૩ - પશુપાલન |
| ગૌણ સદર: | ૧૦૨ – પશુ અને ભેંસ વિકાસ |
| પેટા સદર: | ૦૬: એ.એન.એચ-૭: પશુધન સુધારણા અને સંરક્ષણ |

૪. નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર પશુપાલન નિયામકની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તેમજ સચિવશ્રી(પ.પા.)ની તા.૨૨/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વી. બી. કુમાર)

ઉપસચિવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર

વિભાગ

**બિડાણ:-**પરિશિષ્ટ-૧ થી ૩

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(કૃષિ.), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી (ES-1), એકાઉન્ટ જનરલ, અમદાવાદ (E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ

ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

- સેક્શન અધિકારીશ્રી, (આઈ.ટી.સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- વહીવટી અધિકારીશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જિલ્લા તિજોરીઓ તમામ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, પ.૨, અ અને નાણાં શાખા
- પસંદગી ફાઈલ

ઠરાવ ક્રમાંક : ACD/PAR/e-file/2/2023/5202/P1 નું બિડાણ

## પરિશિષ્ટ-૧

## ગુજરાત રાજ્યમાં રાજ્યકક્ષાના પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના અને રાજ્યના દરેક જિલ્લા મથકે પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા અટકાવવા એસ. પી. સી. એ. ને સહાયની યોજના

## શરતો અને બોલીઓ:-

૧. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં.GHKH-94-201-GVS-12011-3565-P.1 તા.૦૫/૧૧/૨૦૧૪ અંતર્ગત પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ-૧૯૬૦ હેઠળ દરેક જિલ્લામાં થયેલ "સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ(SPCA) એ" રજીસ્ટ્રેશનની કામગીરી બાકી હોય તે S.P.C.A. એ નિયમોનુસાર રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૨. જે જિલ્લામાં પ્રાણી ક્રુરતા અધિનિયમ અંતર્ગત ઈન્ફરમરીઝ નિયત થયેલ નથી તે જિલ્લાઓમાં એક પાંજરાપોળને નિયત કરી, જરૂર જણાયે એક કરતા વધુ પાંજરાપોળોને નિયત કરી તેને ઈન્ફરમરીઝ તરીકે જાહેર કરવાની સત્તા અધ્યક્ષશ્રી સહ કલેકટરશ્રી, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતીની રહેશે.

૩. આ યોજનાના અમલીકરણ અંગે ઈન્ફરમરીઝ(પાંજરાપોળ) દ્વારા જરુરી રજિસ્ટર, દસ્તાવેજો નિભાવવાના રહેશે. જેનુ મોનીટરીંગ અને ઈન્સ્પેકસન જિલ્લા S.P.C.A. દ્વારા કરવાનું રહેશે. તે જ રીતે જિલ્લા S.P.C.A. નું મોનિટરીંગ અને ઈન્સ્પેકસન સમયાંતરે ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

૪. ઈન્ફરમરીઝ પાંજરાપોળોએ પોલીસ કેસના જરૂરી કાગળો, કોર્ટના ચુકાદા જેવા અગત્યના દસ્તાવેજોની ફાઈલ નિભાવવાની રહેશે.

૫. જિલ્લાની ઈન્ફરમરીએ પોલીસ કેસ થયેલ પશુઓના પડતર કોર્ટ કેસ દરમ્યાન પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેની સહાય મેળવવા માટે AWBIની તા. ૦૩/૦૫/૨૦૧૮ની એડવાઈઝરી તથા The PCA (Care and Maintenance of Case Property Animals) Rules, 2017 મુજબ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:- ગુ.પ્રા.ક.બો./૫૮૮-૬૯૩/૨૦૨૨, તા.૧૦/૦૨/૨૦૨૨ પ્રસિધ્ધ કરવામાં આવેલ દર અથવા દર વર્ષે પ્રસિધ્ધ કરવામાં આવતા પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેના દર મુજબ કાર્યવાહી કરી આક્ષેપિત અને પશુમાલિક પાસેથી મે. મેજિસ્ટ્રેટ દ્વારા પશુઓની કસ્ટડી સોંપતી વખતે જામિન ખત ન મળેલ હોય તેમજ સરકારશ્રીની અન્ય કોઈ યોજનાનો લાભ મેળવેલ ન હોય તેવા પશુઓ માટે જ કોર્ટ કેસ હેઠળના પશુઓના કેસનો નિકાલ થાય ત્યાં સુધી અથવા પશુનું મૃત્યુ થાય ત્યા સુધી અથવા મહત્તમ ૯૦ (નેવું) દિવસ ત્રણ માંથી જે ઓછું હોય તે પ્રમાણે દિવસ ગણવાના રહેશે અને સહાય તેટલા દિવસ પ્રમાણે આકારી જિલ્લા S.P.C.A.ની ભલામણ સહ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડને જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન સહાયની દરખાસ્ત કરવાની રહેશે.

૬. પોલીસ દ્વારા પકડાયેલ પશુઓને કોઇ પણ પાંજરાપોળ/ગૌશાળામાં મૂકવામાં આવે તો નિભાવ સહાય કલેકટર સહ અધ્યક્ષ, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી દ્વારા નિયમાનુસાર મંજૂર કરી/કરાવી ચૂકવણી કરી શકાશે.

૭. જિલ્લા S.P.C.A. એ પ્રાણી કલ્યાણ પ્રવૃતિના દિવસોની ઉજવણી અર્થે પ્રચાર-પ્રસાર (મિટિંગ, સાહિત્ય તથા આનુસંગિક ખર્ચ), પશુ-પક્ષી ઉપચાર અંગેનો ખર્ચ ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં કંટીજન્સી ખર્ચ ખાતે આકારવાનો રહેશે.

૮. જ્યાં સુધી સરકારશ્રી દ્વારા ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ માટે કચેરીની વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી ભાડાથી ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ કચેરી રાખી શકશે. તથા કચેરી માટે ફર્નિચર/સાધન-સામગ્રી નિયમોનુસાર ખરીદી શકાશે.

૯. ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડના ઉપયોગ સારૂ આઉટ સોસિંગથીડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે અને પટાવાળા, ડેટા એન્ટ્રી ઓપરેટર, એકાઉન્ટન્ટ વિગેરે જગ્યાઓ જરૂરીયાત મુજબ આઉટસોસિંગથી ભરી શકાશે.

૧૦. જિલ્લાની પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર આઉટસોર્સથી ૩)

૪૫૦૦૦/- ના માસીક દરથી એક પશુચિકિત્સા અધિકારીની નિમણૂંક કરી નિમણૂક કરી શકાશે તથા જિલ્લાની પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાટે આઉટ સોર્સિંગથી ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે.

૧૧. નવીન કચેરી માટે જરૂરી બાંધકામ/ઈલેક્ટ્રિફિકેશન/ફર્નિચર/સાધન-સામગ્રી તથા અન્ય આનુસંગિક ખર્ચ નિયમાનુસાર સક્ષમ કક્ષાએ મંજૂર કરાવી કરવાનો રહેશે.

ઠરાવ ક્રમાંક : ACD/PAR/e-file/2/2023/5202/P1 નું બિડાણ

## પરિશિષ્ટ-૨

## રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના વર્ષ ૨૦૨૪-૨૫

**પ્રસ્તાવના:**

ભારત સરકારશ્રી દ્વારા ABIP-IVF-ET યોજનાના અમલીકરણ માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), આણંદને નોડલ એજન્સી નિયત કરવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ ABIP-IVF-ET યોજનાનું અમલીકરણ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા કરવામાં આવે છે.

૨. ABIP-IVF-ET યોજના અંતર્ગત IVF ગર્ભધારણ માટે અંદાજે રૂ. ૨૧,૦૦૦ + ટેક્ષ પ્રતિ ગર્ભધારણનો ખર્ચ થાય છે. જે પૈકી ભારત સરકારની યોજના અંતર્ગત રૂ.૫૦૦૦/- પ્રતિ ગર્ભધારણ સહાય આપવામાં આવે છે. પશુપાલકોને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા "રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના" અંતર્ગત પશુપાલકને રાજ્ય સરકાર તરફથી વધુ રૂ. ૫૦૦૦/- પ્રતિ ગર્ભધારણ સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**શરતો અને બોલીઓ:-**

૧. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા (રુ.૧૫૦.૦૦ લાખ) અને લાભાર્થીની સંખ્યા (૩૦૦૦) વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

૨. આ યોજનાનું અમલીકરણ પશુપાલન ખાતા દ્વારા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF), આણદ મારફતે કરવાનુ રહેશે.

૩. આ યોજનાનો લાભ રાજ્યના તમામ પશુપાલકોને મળવાપાત્ર છે.

૪. ભારત સરકારની રાષ્ટ્રિય ગોકુલ મિશન (RGM) અંતર્ગત Accelerated Breed Improvement Programme to Establish Pregnancy with IVF Embryos produced using Sexed Semen (ABIP-IVF-ET) in cattle and Buffaloes યોજના અંતર્ગત ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા મંજૂર થયેલ પશુપાલકનો સહાય મળવા પાત્ર છે.

૫. જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ABIP-IVF-ET અંતર્ગત IVF થી ગર્ભધારણ થયેલ પશુઓના માલિકો (લાભાર્થીઓ)ની માહિતી, સર્વિસ પ્રોવાઈડર એજંન્સીને થયેલ ચુકવણાની જરૂરી વિગત આધાર પુરાવા સાથે, જિલ્લા કક્ષાની કમિટીની ભલામણ સહ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન મારફતે સહાય માટે પશુપાલન ખાતાને દરખાસ્ત કરવાની રહેશે.

**જીલ્લા કક્ષાની કમિટી**:

જીલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- અધ્યક્ષ

જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી -- સભ્ય સચિવ

રાજ્ય કક્ષાની કચેરીના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- સભ્ય

સદર કમીટીની કામગીરી નીચે મુજબની રહેશે.

૧. રજુ કરવામાં આવેલ દાવાઓની ચકાસણી કરવી

૨. પશુચિકિત્સા અધિકારીઓ દ્વારા પશુ ગાભણ હોવાનુ રેકર્ડ આધારીત વેરીફીકેશન કરાવવું

૩. સહાયના દાવાઓની ચકાસણી કરી સહાય ચૂકવણાની ભલામણ કરવી.

૬. યોજનાની જોગવાઈની મર્યાદામાં સહાયની રકમ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને ફાળવવામાં આવશે. સહાયની તમામ રકમ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં જ **(Direct Benefit Transfer)** જમા કરાવવાની રહેશે.

૭. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ દ્વારા ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં સમયસર પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલવાના રહેશે.

૮. ભારત સરકારશ્રીની ABIP-IVF-ETયોજનાના અમલીકરણની તમામ શરતો, બોલીઓ, માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવાનું રહેશે. ABIP-IVF-ET યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળવા પાત્ર સહાય ઉપરાંત આ યોજના અંતર્ગત લાભાર્થીને રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પ્રતિ ગર્ભધારણ સહાય મળવા પાત્ર થાય છે.

૯. યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે તમામ લાભાર્થીને બંધનકર્તા રહેશે

ઠરાવ ક્રમાંક : ACD/PAR/e-file/2/2023/5202/P1 નું બિડાણ

## પરિશિષ્ટ-૩

## રાજ્યવ્યાપી ખસીકરણની યોજના વર્ષ ૨૦૨૪-૨૫

**શરતો અને બોલીઓ:-**

૧. આ યોજનાનો અમલ રાજ્યના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજનાના રાજ્ય કક્ષાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે. સદર યોજનાના અમલીકરણ બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પશુપાલન નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૩. આ યોજનાની ક્ષેત્રીય કક્ષાએ અમલવારી માટે સબંધિત જિલ્લાના વેટેરીનરી પોલિક્લિનિકના મદદનીશ/નાયબપશુપાલન નિયામકશ્રી અમલીકરણ અધિકારી રહેશે. વેટેરીનરી પોલિક્લિનિક એ તેના કાર્યક્ષેત્ર હેઠળના જિલ્લાઓમાં યોજનાનુ અમલીકરણ કરવાનુ રહેશે તથા સદર યોજના હેઠળ નિયત થયેલ ભૌતિક તેમજ નાણાંકીય લક્ષ્યાંકો મુજબ ચોક્કસ સમયમર્યાદામાં સરકારશ્રીની વખતો-વખતની સુચનાઓ મુજબ કામગીરી થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૪. આ યોજના હેઠળ વ્યક્તિગત પશુપાલક તથા પશુઓને નિભાવતી સંસ્થા (ગૌશાળા/પાંજપાપોળ/અન્ય) ને નર વાછરડાને ક્લોઝ મેથડ(Burdizo Castrator)/ઓપન મેથડ(Surgical Method) થી ખસીકરણ કરાવવા બદલ પ્રોત્સાહન પેટે પ્રતિ પશુ (નર વાછરડા) દીઠ રૂ.૫૦૦/- સહાય મળવાપાત્ર રહેશે.

૫. લાભાર્થી એ i-Khedut પોર્ટલ ઓનલાઈન અરજી કરી, અરજીની પ્રિંટ કાઢી,સહી કરી જરૂરી સ્વપ્રમાણિત દસ્તાવેજો સાથે અરજી જે તે જિલ્લાના વેટેરીનરી પોલિક્લિનિક ખાતે રજુ કરવાની રહેશે / અરજીની પ્રિંટ કાઢી, સહી કરી સ્વપ્રમાણિત દસ્તાવેજો સાથે i-Khedut Portal ઉપર અપલોડ કરવાની રહેશે.અરજી મંજુર થયેથી અરજદારે ૩૦ દિન માં તેઓના નર વાછરડાનુ ખસીકરણ કરાવવાનુ રહેશે તથા ખસીકરણ કરાવ્યા બાદ આપવામાં આવેલ સુચના મુજબ તેઓના નર વાછરડાની માવજત અને સારવાર બાબતે કાળજી રાખવાની રહેશે.

૬. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબનો રહેશે અને તેના અમલ માટેની કાર્યપદ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબની રહેશે..

૭. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સંબંધિત જિલ્લાના નોડલ ઓફિસર નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, વેટેરીનરી પોલિક્લિનિક ને ફાળવવાની રહેશે.

૮. સંબંધિત જિલ્લાનાં આ યોજનાના નોડલ ઓફિસર નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી ,વેટેરીનરી

૯. પોલિક્લિનિકએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં સમયસર પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલવાના રહેશે તેમજ સહાય સંબંધિત હિસાબોનું તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૦. સહાયની રકમ D.B.T દ્વારા લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે.